જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૫/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૯૯/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૧૮૭ ઇગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૦૦/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>અપહરણની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૦૧/૧૬</u>

ઇસનપુર : કનુભાઇ પ્રભાતભાઇ દેસાઇ (રહે.રબારીવાસ, મુ.પો.કનીજ. તા.મહેમદાબાદ, જી.ખેડા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૫/૧૬ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે કનુભાઇનાં મોટાભાઇ સાંકાભાઇનાં ઇસનપુર, ઘોડાસર, કમલ સાગર સોસાયટી ખાતેનાં ઘરેથી કનુભાઇના પુત્ર દશરથ (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડયા ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૦૨/૧૬

પાલડીઃ રોનક વિક્રમભાઈ શાહ (રહે.સુમતી ફ્લેટ સ્વસ્તિક સોસાયટી નવરંગપુરા) એ તા.૨૯/૫/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૪/૧૫ થી તા.૧૧/૧૦/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કુશલ હેમેન્દ્ર શાહ (રહે.શ્રી હરી એપાર્ટમેન્ટ વિજયનગર ક્રોસીંગ પાસે નારણપુરા) એ પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા સિલ્વર ઓક્સ કોમ્પલેક્ષ ખાતે એક્સૃઓન સોલ્યુશન પ્રા.લી. નામની કંપની ખાતે ગ્રાહકો પાસેથી લીધેલ નાણા ૧,૨૨,૪૦૪/- મેળવી કંપનીમાં જમા નહી કરી તેમજ કંપનીનો રૂપિયા ૪,૦૦,૦૦૦/- માલ સામાન સગેવગે કરી કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી જે રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૩/૧૬**

**માધવપુરાઃ** બાબુલાલ માનમલ દુગ્ડમ (રહે.સંજય સોસાયટી વિભાગ-૧ શાહીબાગ રોડ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાથી તા.૨૯/૫/૧૬ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ઉપરના માળે બાલ્કનીમાંથી ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી હીરા તેમજ સોનાના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૨૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ બી પરમાર ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવાઃ** મનીષભાઇ ભુપેન્દ્રભાઇ શાહ (રહે,પ્રહલાદનગર કૃષ્ણ બંગ્લોઝ કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, સેટેલાઇટ) એ તા.૨૯/૫/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આશરે દશેક દિવસ અગાઉથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન જી.આઇ.ડી.સી.વટવા ફેઝ-૨, પ્લોટ નં.૨૮માં આવેલ પોતાના ગોડાઉનનું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ગોડાઉનમાંથી ઇલેક્ટ્રીક મોટર નંગ-૧૭ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/-, લોખંડનો ભંગાર કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

**વાહન ચોરી :** **સમાચાર યાદી નં.૧૦૦૪/૧૬**

**વસ્ત્રાપુરઃ** બ્રીજેશભાઇ જયંતીભાઇ મોદી (રહે, ચંન્દ્રભાગા હાઉસિંગ, મુકેશભાઇ પ્રજાપતીના મકાનમાં વાડજ) એ તા.૧૩/૫/૧૬ રાતનાં ૮/૦૦ વાગ્યાનાં સુમારે બોડકદેવ ઝાંઝર બંગલાના કોમન પાર્કીંગમા પોતાની ઇકો કાર નંબર જીજે ૧ આરજે ૨૦૯૩ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- , કંપનીનો વી-બેલ્ટ માલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- સાથે પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૯/૫/૧૬ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બ્રીજેશભાઈ મોદીએ તા.૨૯/૫/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)